**સોમનાથ સ્વાભિમાન પર્વ : હજારોની જનમેદની વચ્ચે પીએમ મોદીએ અજેય ભારતીય સંસ્કૃતિનો જયઘોષ કરાવ્યો**

# લોકોના હૃદય ક્યારેય તલવારની ધારે જીતી ન શકાય : મોદી

**જે સંસ્કૃતિ** બીજાને કચડીને આગળ વધવા માગે છે, તે અંતે પોતે જ ઇતિહાસ બનીને રહી જાય છે

**સોમનાથનો** ઇતિહાસ વિનાશ અને હારનો નહીં, પરંતુ વિજય અને પુનર્નિર્માણનો છે : પીએમ મોદી

**સોમનાથના** પુન:નિર્માણનો વિરોધ કરતી શક્તિઓ હજુ પણ સક્રિય, તેમને હરાવવા સતર્ક રહેવાની જરૂર



ગાંધીનગર, તા.11 : અરબી સમુદ્રના કિનારે બિરાજમાન ભગવાન સોમનાથના પવિત્ર સાનિધ્યમાં યોજાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અજેય ભારતીય સાંસ્કૃતિક મૂલ્યો, સ્વાભિમાન અને અડગ આસ્થાનો પ્રચંડ જયઘોષ કર્યો હતો. એક હજાર વર્ષ પૂર્વે થયેલા આક્રમણોના ઈતિહાસને સ્મરીને તેમણે કહ્યું હતું કે, સોમનાથનો ઈતિહાસ વિનાશનો નહીં, પરંતુ વિજય, પુનર્નિર્માણ અને અખંડ સંસ્કૃતિનો ઈતિહાસ છે. મોદીએ કહ્યું કે સ્વતંત્રતા પછી સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો વિરોધ કરતી શક્તિઓ હજુ પણ આપણી વચ્ચે સક્રિય છે, અને ભારતે તેમને હરાવવા માટે સતર્ક, એકતા અને મજબૂત રહેવાની જરૂર છે.

શૌર્યસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે પાછલા 1000 વર્ષ ભારતને આવનારા હજાર વર્ષ માટે દિશા આપે છે. સોમનાથ મંદિર માત્ર ધાર્મિક કેન્દ્ર નથી, પરંતુ ભારતની અડગ આસ્થા, આત્મસન્માન અને સાંસ્કૃતિક ચેતનાનું પ્રતીક છે. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે તલવારની ધાર પર કોઈના હૃદય જીતી શકાય નહીં અને જે સંસ્કૃતિ બીજાને કચડીને આગળ વધવા માગે છે, તે અંતે પોતે જ ઈતિહાસ બની જાય છે.

વડાપ્રધાન મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સર્જનનો માર્ગ લાંબો હોય છે, પરંતુ ચિરકાલીન હોય છે, અને સોમનાથ સ્વાભિમાન પર્વ વિનાશના સ્મરણ માટે નહીં, પરંતુ હજારો વર્ષની અડગ યાત્રા અને પુનર્નિર્માણની પરંપરાનો ઉત્સવ છે. તેમણે કહ્યું હતું કે અનેક આક્રમણો છતાં ન તો સોમનાથ નષ્ટ થયું, ન તો ભારત, કારણ કે ભારતની આત્મા અને આસ્થાના કેન્દ્રો અવિનાશી છે.

પ્રવાસના દ્વિતીય દિવસે વડાપ્રધાન મોદીએ ભગવાન સોમનાથ સમક્ષ વિધિવત પૂજા-અર્ચના કરી હતી. તે પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને અન્ય મંત્રીઓ સાથે ૧૦૮ અશ્વો અને કેસરી સાફાધારી અસવારોની ભવ્ય શૌર્ય યાત્રા યોજાઈ હતી. શૌર્ય યાત્રા દરમિયાન પ્રભાસ પાટણની ધરા પર ઐતિહાસિક ઉત્સાહ જોવા મળ્યો હતો.પીએમ મોદી પણ ખુલ્લી કારમાં આ શૌર્ય યાત્રામાં જોડાયા હતા.

પીએમ મોદીએ વીર હમીરજી ગોહિલ તથા સોમનાથ મંદિરના પુનરોત્થાનના સંકલ્પક સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને કહ્યું હતું કે સોમનાથનો ઈતિહાસ પરાજયનો નહીં, પરંતુ ધૈર્ય, ત્યાગ અને પુનર્નિર્માણનો છે. ગઝનવીથી ઔરંગઝેબ સુધીના આક્રમણકારો સનાતન પરંપરાની આત્માને સમજી શક્યા નહોતા એમ તેમણે જણાવ્યું.

આઝાદી બાદ સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે સરદાર પટેલે લીધેલો સંકલ્પ રાષ્ટ્રીય સ્વાભિમાનનું પ્રતીક હોવાનું જણાવી વડાપ્રધાને કહ્યું હતું કે, આજે પણ દેશવિરોધી અને વિભાજનકારી તાકાતો સક્રિય છે, જેને સામે એકતા, સતર્કતા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવું જરૂરી છે.ભારતના આગામી હજાર વર્ષના વિરાટ સ્વપ્નનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે વિકસિત ભારતનો વિશ્વાસ આજે ૧૪૦ કરોડ દેશવાસીઓના મનમાં મજબૂત થયો છે. ભારત ગરીબી સામે વિજય મેળવનારું, વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનનારું અને ગૌરવભેર ઊભું રહેતું રાષ્ટ્ર બનવા તૈયાર છે.

આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે સોમનાથ સ્વાભિમાન પર્વ રાષ્ટ્રના આત્મસન્માન અને અતૂટ આસ્થાનું પર્વ છે. ભગવાન સોમનાથનું મંદિર માત્ર ઈંટ-પથ્થર નહીં, પરંતુ સરદાર સાહેબની સંકલ્પ શક્તિનું જીવંત પ્રતીક છે. વડાપ્રધાન મોદીની પ્રેરણાથી ઉજવાતું આ પર્વ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને નવી ઊંચાઈ આપશે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે સોમનાથ એ ભારતની આત્માએ આક્રાંતાઓને આપેલો પડકાર છે. ગઝનવી ઈતિહાસ બની ગયો, પરંતુ સોમનાથ આજે પણ અજેય ઊભું છે. કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું કે સોમનાથ સનાતન સંસ્કૃતિનું સ્વાભિમાન છે અને વડાપ્રધાન મોદી સમગ્ર દેશનું અભિમાન છે.

અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે સોમનાથ સ્વાભિમાન પર્વને વિરાસત, આધ્યાત્મિકતા અને રાષ્ટ્રીય ગૌરવનો સંગમ ગણાવ્યો અને નવી પેઢીને ભારતીય સંસ્કૃતિના સામર્થ્ય સાથે જોડાવાનું આહ્વાન કર્યું.

# પલસાણાના ઓટોપાર્ટ્સ ડીલર્સના હિસાબ જપ્ત કરાયા

**દિલ્હીથી** રોકડમાં ખરીદી કરતા ત્રણ ડીલરોને ત્યાંથી હિસાબી દસ્તાવેજો કબ્જે લેવાયા

સુરતઃ પલસાણા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં ઓટોપાર્ટ્સના ડીલરોને ત્યાંથી સીજીએસટીનાં સરવે દરમિયાન શંકાસ્પદ બિનહિસાબી વ્યવહારો મળી આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે મોડી રાત સુધી હિસાબોનું વેરિફીકેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સીજીએસટી દ્વારા તમામ હિસાબી દસ્તાવેજોને સીલ મારી કબ્જે લેવામાં આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. આવતીકાલે સોમવારે સીજીએસટી આગળની તપાસ હાથ ધરશે.

અત્રે નોંધનીય છે શુકવારે સાંજે સીજીએસટીની ટીમ પલસાણા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારના ત્રણ ઓટોપાર્ટસ ડીલરોને વરુણીમાં લીધાં હતાં.

**ભોપાલ કનેક્શનમાં ઓટોપાર્ટ્સ ઇમ્પોર્ટ-એક્સપોર્ટ કરતી પાર્ટી વરુણીમાં**

પલસાણામાં ઓટોપાર્ટ્સ ડીલરોને ત્યાં સીજીએસટી વિભાગના દરોડામાં ઓટો પાર્ટ્સ ઇમ્પોર્ટ-એક્સપોર્ટ કરતી પાર્ટી વરુણીમાં આવી હતી. જાણકાર સૂત્રોનાં જણાવ્યાં મુજબ કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતી આ પાર્ટીને ત્યાં ભોપાલ (એમપી) કનેક્શનને કારણે સીજીએસટીની તપાસ આવી હતી.

# રેલવે પોલીસે મોબાઈલ ચોરીના ચાર મોબાઈલ સાથે આરોપીને ઝડપ્યો

સુરતઃ રેલવે પોલીસે (GRP) લાલ આંખ કરી છે. પ્લેટફોર્મ નંબર 1 પરથી સર્વેલન્સ ટીમે બાતમીના આધારે એક કુખ્યાત મોબાઈલ ચોરને ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી પોલીસને 33,000ની કિંમતના 4 મોબાઈલ ફોન મળી આવ્યા છે, જેની સાથે જ મોબાઈલ ચોરીના ચાર અલગ-અલગ ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. PI જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે લિંબાયત વિસ્તારમાં રહેતો 23 વર્ષીય સાદિક મુક્તારને શંકાના આધારે ઝડપી લીધો હતો. તે મોબાઈલની માલિકીના પૂરાવાર રજૂ કરી શક્યો ન હતો. તેણે આ મોબાઈળ ટ્રેન અને પ્લેટફોર્મ પરથી ચોરી કર્યા હોવાની કબૂલાત કરી હતી.

# અંત્યોદય એક્સપ્રેસ બલરામપુર સુધી જ દોડશે

**બાંદ્રા** ટર્મિનસ-ગોરખપુર સાપ્તાહિક સ્પેશિયલ 28 માર્ચ, 2026 સુધી રદ

સુરત : સુરત અને દક્ષિણ ગુજરાતથી ઉત્તર ભારત તરફ જતા હજારો મુસાફરો માટે રેલવેના સમાચાર ચિંતાજનક સાબિત થયા છે. ગોરખપુર યાર્ડમાં ચાલી રહેલા એન્જિનિયરિંગ અને ટેકનિકલ સુધારાના કામને કારણે ટ્રેન વ્યવહાર પર મોટી અસર પડી છે. જેમાં સુરત થી પસાર થતી અને શ્રમિકો માટેની જીવાદોરી સમાન 'અંત્યોદય એક્સપ્રેસ'ના રૂટ માં ઘટાડો કરાયો છે, જ્યારે 'બાંદ્રા-ગોરખપુર સ્પેશિયલ' ટ્રેન રદ કરવામાં આવી છે.

રેલવે વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 22921 (બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર અંત્યોદય એક્સપ્રેસ) આગામી 29 માર્ચ, 2026 સુધી તેના અંતિમ સ્ટેશન ગોરખપુર સુધી નહીં જાય. આ ટ્રેનને બલરામપુર સ્ટેશન પર જ ટૂંકાવી દેવામાં આવી છે આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ હોવાથી સુરતમાં વસતા પરપ્રાંતિયો શ્રમિકોમાં તેની ખૂબ માંગ રહે છે. હવે મુસાફરોએ બલરામપુર ઉતરીને ગોરખપુર જવા માટે અન્ય સાધનો કે ટ્રેનોની મદદ લેવી પડશે, જેના કારણે તેમના સમય અને નાણાં બંનેનો વ્યય થશે.જેને કારણે બાંદ્રા ગોરકપૂર ટ્રેન નંબર 05054 મુસા ફરોનું ભારણ વધશે કેમ કે સુરતથી ઉત્તર પ્રદેશ જવા માટે આ એક મહત્વનો વિકલ્પ છે.



# સુરત રેલવે સ્ટેશન પર RPF ની 'ત્રીજી આંખ'ની કમાલ

**પ્લેટફોર્મ** પર મુસાફરોના સામાનની ચોરી કરતા બે શખ્સને સીસીટીવી કેમેરાની મદદથી ઝડપી પાડ્યા

સુરત : સુરત રેલવે સ્ટેશન પર મુસાફરોની સુરક્ષા માટે તૈનાત રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) એ ટેક્નોલોજીની મદદથી મોટી સફળતા પ્રાપ્ત કરી છે. પ્લેટફોર્મ પર મુસાફરોના સામાનની ચોરી કરતા બે શખ્સોને સીસીટીવી કેમેરાની મદદથી રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ચોરીનો 27,000ની કિંમતનો મુદ્દામાલ જપ્ત પણ કર્યો છે.

મળતી માહિતી મુજબ, RPFના કંટ્રોલ રૂમમાં સીસીટીવી ફૂટેજનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન બે વ્યક્તિઓ મુસાફરોની આસપાસ અને તેમના સામાનની આજુબાજુ શંકાસ્પદ રીતે આંટાફેરા મારતા નજરે પડ્યા હતા. આ હિલચાલ પર શંકા જતાં સ્ટેશન પર હાજર RPFની ટીમને વોકી-ટોકી દ્વારા તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ફિલ્ડ પર રહેલા જવાનોએ ઘેરોબંધી કરીને બંને આરોપીઓને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓની તલાશી લેતા તેમની પાસેથી ચોરી કરાયેલો સામાન મળી આવ્યો હતો, જેની બજાર કિંમત અંદાજે 27,000 આંકવામાં આવી રહી છે.

આરોપીઓ ભીડનો લાભ લઈને મુસાફરોની નજર ચૂકવી સામાન ચોરવાની ફિરાકમાં હતા. RPF દ્વારા પ્રાથમિક પૂછપરછ અને કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ, બંને શખ્સોને વધુ તપાસ અને ગુનો દાખલ કરવા માટે સુરત રેલવે પોલીસ (GRP) ને સોંપવામાં આવ્યા છે.

# ઉત્રાણ પતશે પરંતુ કમૂરતા નહીં, જાન્યુ.માં લગ્નનું એકેય મુહૂર્ત નથી

**શુક્ર** અસ્ત હોવાને કારણે શુભકાર્યો પર બ્રેક

**ફેબ્રુઆરીથી** થશે લગ્ન મોસમની શરૂઆત

**હોળાષ્ટક** સુધી માર્ચમાં પણ બે મુહૂર્ત

સુરતઃ સામાન્ય રીતે મકરસંક્રાંતિ બાદ લગ્ન સહિતના શુભકાર્યોની શરૂઆત થાય છે, એવી માન્યતા પ્રચલિત છે. પરંતુ વર્ષ 2026માં મકરસંક્રાંતિ પછી પણ જાન્યુઆરી મહિનામાં લગ્ન તથા અન્ય શુભકાર્ય માટે કોઈ ખાસ મુહૂર્ત ઉપલબ્ધ નહીં હોય તેમ જ્યોતિષ શાસ્ત્ર જણાવે છે.

જ્યોતિષાચાર્યોના જણાવ્યા મુજબ લગ્ન માટે સૌથી મહત્વપૂર્ણ માનવામાં આવતો શુક્ર ગ્રહ જાન્યુઆરી-2026માં સૂર્યની અત્યંત નજીક હોવાથી 'અસ્ત' અવસ્થામાં રહેશે.

શાસ્ત્ર અનુસાર શુક્ર અસ્ત હોવા દરમિયાન લગ્ન, સગાઈ તથા ગૃહસ્થ જીવન સાથે જોડાયેલા શુભ કાર્યો વર્જ્ય ગણવામાં આવે છે. આ કારણે મકરસંક્રાંતિ થઈ હોવા છતાં જાન્યુઆરી મહિનામાં લગ્ન મુહૂર્ત શરૂ થતા નથી.

આ ઉપરાંત જાન્યુઆરીના બીજા અર્ધમાં લગ્નયોગ્ય નક્ષત્રો પણ અસ્ત અવસ્થામાં રહે છે, જેના કારણે વિવાહ અને અન્ય માંગલિક કાર્યો ટાળવાની પરંપરા છે. પરિણામે સમગ્ર જાન્યુઆરી-2026 દરમિયાન લગ્ન મોસમ પર વિરામ રહેશે. જ્યોતિષાચાર્યો મુજબ જે પરિવારોએ લગ્ન કે ગૃહપ્રવેશનું આયોજન કરવાનું હોય તેમણે આ મુહૂર્તોને ધ્યાનમાં રાખીને આયોજન કરવું શુભ માનવામાં આવે છે.

**5 ફેબ્રુઆરી 2026થી લગ્ન મુહૂર્તની શરૂઆત**

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર 5 ફેબ્રુઆરી 2026ના રોજ શુક્ર ગ્રહ ઉદય થતાં લગ્ન મુહૂર્ત ફરી શરૂ થશે. ફેબ્રુઆરી મહિનામાં લગ્ન માટે અનેક ઉત્તમ તારીખો ઉપલબ્ધ છે.

**ફેબ્રુઆરી 2026માં લગ્ન માટે શુભ તારીખો, 2-3 માર્ચના મુહૂર્ત બાદ હોળાષ્ટક**

5, 6, 8, 10, 12, 14, 19, 20, 21, 24, 25 અને 26 ફેબ્રુઆરી શુભકાર્ય માટે યોગ્ય રહેશે. આ ઉપરાંત માર્ચ 2026માં 2 અને 3 માર્ચ સુધી લગ્ન માટે શુભ મુહૂર્ત ઉપલબ્ધ રહેશે. ત્યારબાદ હોળાષ્ટકની શરૂઆત થતા તમામ શુભ કાર્યો પર વિરામ મૂકવામાં આવશે.

**શુભ ગૃહપ્રવેશ માટે પણ ઉત્તમ તારીખો**

લગ્ન ઉપરાંત ગૃહપ્રવેશ માટે પણ ફેબ્રુઆરી અને માર્ચની કેટલીક તારીખો શુભ ગણાય છે. શુભ ગૃહપ્રવેશ માટે તા. 19, 20, 21, 25, 26 ફેબ્રુઆરી તેમજ માર્ચ 2026 (હોળી પહેલાં) 2 અને 3 માર્ચે શુભ મુહૂર્ત છે.

# સુરતનું તાપમાન 14 ડિગ્રી થતાં જાન્યુઆરીની સૌથી ઠંડી રાત

**ઉત્તર-પૂર્વનો** પવન સાથે આગામી દિવસોમાં તાપમાન વધુ ઘટવાની શક્યતા

સુરત : સુરત શહેરમાં આજે હવામાનનો માહોલ સ્પષ્ટ રીતે બદલાયો હતો. લઘુત્તમ તાપમાન વધુ અડધો ડિગ્રી ઘટીને 14 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા શહેરભરમાં ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. હાલ સુધીમાં જાન્યુઆરી મહિનાની આ સૌથી ઠંડી રાત ગણાય તેવી પરિસ્થિતિ નોંધાઈ છે.

હવામાન વિભાગના આંકડાઓ મુજબ, આજે મહત્તમ તાપમાન અઢી ડિગ્રી વધીને 30.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તેમ છતાં સવાર અને રાત્રિના સમયે ઠંડીનો અહેસાસ યથાવત રહ્યો હતો. ખાસ કરીને વહેલી સવારમાં ઠંડી હવા ફૂંકાતા લોકો ગરમ કપડાંમાં લપેટાયેલા નજરે પડ્યા હતા. શહેરમાં હવામાં અંદાજે 55 ટકા ભેજ નોંધાયો હતો, જ્યારે ઉત્તર-પૂર્વ દિશાથી પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. પવનની ઠંડક અને ઘટેલા લઘુત્તમ તાપમાનના કારણે વાતાવરણ વધુ ઠંડું લાગ્યું હતું. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, આગામી કેટલાક દિવસોમાં ઠંડીનો પારો હજી નીચો જવાની સંભાવના છે.

# ભેંસાણમાં વાનની અડફેટે ધો.12ના વિદ્યાર્થીનું મોત

**કન્ટ્રીસાઈડ** ઇન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા આર્યમન લાઠીયાને ડોક્ટર બનાવની ઈચ્છા હતી

**સ્કૂલમાં** પરીક્ષા આપી ઈલેક્ટ્રીક મોપેડ પર ઘરે આવવા નીકળ્યો ને મોત ખેંચી ગયું

સુરતઃ ભેંસાણ ગામમાં પરીક્ષા આપીને પરત ફરી રહેલા ધો 12 સાયન્સના વિદ્યાર્થીનું પીકઅપ ચાલકે ટક્કર મારતા મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ભાવનગર જિલ્લાના રાજગઢ ગામના વતની અને હાલ ડભોલી ચાર રસ્તા ખાતે ગોપીનાથજી બંગલોઝમાં રહેતા સુમિતકુમાર લાઠીયા કોસ્મેટીકનો વેપાર કરી પત્ની તેમજ બે પુત્રનું ભરણપોષણ કરે છે. તેમના બે પુત્ર પૈકી 17 વર્ષીય આર્યમન ભેસાણ રોડ પર કન્ટ્રીસાઈડ ઈન્ટરનેશનલ સ્કૂલ (સીબીએસઈ)માં ધોરણ-12 સાયન્સમાં અભ્યાસ કરતો હતો. આર્યમનને ડોક્ટર બનવાની ઈચ્છા હોવાથી તેણે બાયોલોજી બી-ગ્રુપ લીધું હતું.

ગઈકાલે આર્યમન ઈલેક્ટ્રિક મોપેડ લઈ સ્કૂલે પ્રેક્ટીકલની પરીક્ષા આપવા માટે ગયો હતો. બાદમાં પરિક્ષા પૂર્ણ કરી તે પરત ઘરે જઈ રહ્યો હતો. ત્યારે ભેંસાણ ગામ તળાવ પાસે પીકઅપ ચાલકે આર્યમનની મોપેડને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પાલ પોલીસે પીકઅપ ચાલક જયેશ ભરવાડની ધરપકડ કરી હતી.

# આભૂષણની દુકાનોમાં હવે હેલ્મેટ કે માસ્ક સાથે પ્રવેશ નહીં મળે

**આભૂષણ** દુકાનોની સુરક્ષા માટે "હેલ્મેટ-માસ્ક વિના પ્રવેશ" સૂચનાને IBJAનું સમર્થન

**ગુનાહિત** ઘટનાઓ અટકાવવા માટે સંરક્ષણાત્મક પગલું, વેપારીઓ-ગ્રાહકોને સહયોગ આપવા અપીલ

સુરતઃ રાજ્યભરમાં આભૂષણ દુકાનોની સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે દુકાનોમાં "હેલ્મેટ, માસ્ક અથવા ચહેરો ઢાંકીને પ્રવેશ નહીં" એવી સૂચના અમલમાં મુકવાની પહેલને ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) દ્વારા સંપૂર્ણ સમર્થન જાહેર કરવામાં આવ્યું છે.

તાજેતરના કેટલાક ગુનાહિત બનાવોમાં આરોપીઓ હેલ્મેટ અને ચહેરો ઢાંકતા સાધનોનો ઉપયોગ કરીને પોતાની ઓળખ છુપાવતા હોવાનું સામે આવ્યું હતું. આવા બનાવોને રોકવા તેમજ આભૂષણ વેપારીઓ, કર્મચારીઓ અને ગ્રાહકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.

આ સૂચના અનુસાર, આભૂષણની દુકાનમાં પ્રવેશ કરતા પહેલા ગ્રાહકોને હેલ્મેટ, માસ્ક કે અન્ય કોઈપણ ચહેરો ઢાંકતા સાધનો દૂર કરવા વિનંતી કરવામાં આવી છે. સાથે જ દુકાન માલિકોને પોતાની દુકાનના પ્રવેશદ્વાર પર સ્પષ્ટ સૂચના બોર્ડ લગાવવા અને પોલીસ તંત્ર સાથે સંપૂર્ણ સહકાર રાખવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

IBJA ગુજરાત રાજ્ય પ્રમુખ નૈનેશ પચ્ચીગરે જણાવ્યું હતું કે, આ નિર્ણય વેપારીઓની સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ અને સંરક્ષણાત્મક પગલું છે. આ સૂચનાનો હેતુ સાચા અને નિયમિત ગ્રાહકોને કોઈ અસુવિધા પહોંચાડવાનો નથી, પરંતુ ગુનાહિત પ્રવૃત્તિઓને અટકાવી સુરક્ષિત અને વિશ્વસનીય વ્યવસાયિક વાતાવરણ ઊભું કરવાનો છે.

IBJA દ્વારા રાજ્યભરના તમામ આભૂષણ વેપારીઓને આ સૂચનાનું કડક પાલન કરવા અને પોલીસ પ્રશાસન સાથે સંપૂર્ણ સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે. સાથે જ ગ્રાહકોને પણ પોતાની તથા વેપારીઓની સુરક્ષા માટે આ વ્યવસ્થાને સમજીને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે. IBJAએ વધુમાં જણાવ્યું છે કે ભવિષ્યમાં પણ આભૂષણ અને બુલિયન વ્યવસાયની સુરક્ષા, વિશ્વાસ અને પારદર્શકતા જાળવવા માટે કાયદા અમલ કરનાર સંસ્થાઓ સાથે સતત સહયોગ આપતું રહેશે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

**મેટ્રોનો 8 કિ.મી...**

100 ટકા પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ સેક્શન હવે ટ્રાયલ રન માટે સંપૂર્ણપણે તૈયાર છે અને ટૂંક સમયમાં અહીં ટ્રાયલ રન લેવાશે તેમ જાણવા મળે છે.

**તાપી નદી પર બ્રિજ અને સ્પેશિયલ સ્પાનની કામગીરી પૂર્ણતાના આરે**

મેટ્રોના રૂટ મુજબ, તાપી નદી પર 400 મીટર લાંબો મેટ્રો બ્રિજ તૈયાર થઈ રહ્યો છે, જેના 8 માંથી 7 સ્પાન લગાવી દેવામાં આવ્યા છે અને છેલ્લો સ્પાનની ફાયનલ કામગીરી જાન્યુઆરીના અંત સુધીમાં પૂર્ણ થઈ જશે. આ ઉપરાંત, મજુરા ગેટ અને ભટાર જંક્શન જેવા વ્યસ્ત વિસ્તારોમાં ભારે ક્ષમતાની ક્રેઇન્સની મદદથી સ્પેશિયલ સ્ટીલ ગર્ડર મૂકવામાં આવ્યા છે. સરોલી સ્ટેશન પાસે 814 મેટ્રિક ટન વજનનો 86 મીટર લાંબો 'ઓપન વેબ ગર્ડર' મૂકવામાં આવ્યો છે, જે સુરત અને અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટ્સમાં અત્યાર સુધીનો સૌથી મોટો ગર્ડર છે.

**સુંવાલીમાં ત્રણ...**

બે દિવસે સામાન્ય ભીડ જોવા મળી હતી, પરંતુ અંતિમ દિવસે રવિવારે સહેલાણીઓની ભારે ભીડના કારણે સુવાલી બીચ તરફ જતાં માર્ગો પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી.

ફેસ્ટિવલની શરૂઆત તા. ૯મી જાન્યુઆરી, શુક્રવારે થઈ હતી. પ્રથમ દિવસે સહેલાણીઓની સંખ્યા સામાન્ય રહી હતી. બીજા દિવસે શનિવારે બપોર સુધી ભીડ ઓછી હતી, પરંતુ બપોર બાદ સહેલાણીઓ ઉમટતા માહોલ જીવંત બન્યો હતો. પ્રવાસન વિભાગના આંકડા મુજબ પ્રથમ બે દિવસમાં અંદાજે ૨ લાખ જેટલા લોકો ફેસ્ટિવલની મુલાકાતે આવ્યા હતા. સુવાલી બીચ ફેસ્ટિવલનું મુખ્ય આકર્ષણ સાંસ્કૃતિક કાર્યક્રમો રહ્યા હતા. પ્રથમ દિવસે ભારતના સુપ્રસિદ્ધ લોકગાયક ઓસમાણ મીર અને આમિર મીરના લોકસંગીતે ઉપસ્થિતોને ઝૂમાવ્યા હતા. બીજા દિવસે લોકપ્રિય ગાયિકા ભૂમિ ત્રિવેદીના ગીતો પર સહેલાણીઓ મન મૂકીને નાચ્યા હતા, જ્યારે અંતિમ દિવસે ગાયિકા સાંત્વની ત્રિવેદીના સૂરોએ ફેસ્ટિવલને યાદગાર બનાવ્યો હતો. ફૂલગુલાબી ઠંડીમાં દરિયાકિનારે સંગીત, નૃત્ય અને ખાણીપીણીની મજા માણવા સુરતીઓ પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

**AI આધારિત કેમેરાના...**

ભારે ભીડ ઉમટતાં આ વ્યવસ્થાઓ પરીક્ષામાં મુકાઈ હતી, છતાં સમગ્ર ફેસ્ટિવલ શાંતિપૂર્ણ અને ઉત્સાહભર્યા માહોલમાં સંપન્ન થયો હતો.

**આર્થિક તંગી દૂર...**

ગાડીઓ અને વિશાળ જમીન હોવાનું દર્શાવી વિશ્વાસ કેળવ્યો હતો. અનેક વખત પારડી ઈદ્રીશ ખાતે બોલાવી ધાર્મિક વિધિ કરવાના નાટક કરીને ફરિયાદીને આર્થિક રીતે છેતરવામાં આવ્યા હત. આ મામલે પાનોલી પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

દરમ્યાન પાનોલી પોલીસે ત્રણેય તહોમતદારને અટકમાં લઇ કોર્ટ સમક્ષ રજૂ કરી વધુ તપાસ માટે રિમાન્ડ મેળવાની તજવીજ હાથ ધરી હતી.

**૧.૯૨ કરોડ ગણવા...**

ગેંગને પૂરા પાડતા હતા.

આ કેસમાં અત્યાર સુધીમાં અલગ-અલગ બેંકોના ૧૬૪ એકાઉન્ટ મળી આવ્યા છે અને અગાઉ ૨૫ આરોપીઓની ધરપકડ કરીને ૧.૫ લાખ પાનાનું ચાર્જશીટ કરવામાં આવ્યું છે. તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓ કરંટ એકાઉન્ટમાંથી સાયબર ફ્રોડના નાણાંને રોકડમાં રૂપાંતરિત કરીને USDTમાં કન્વર્ટ કરતા હતા. બેંક સ્ટેટમેન્ટના વિશ્લેષણમાં અમિત જગદીશચંદ્ર ચોક્સીના પિતાના બંધ એકાઉન્ટમાં ૯૦ લાખ રૂપિયા ટ્રાન્સફર થયા હોવાનું જણાયું.

અબ્દુલરબ અબ્દુલકાદિર ચામડિયા આ ટ્રાન્ઝેક્શન કરતા હતા, જ્યારે અમિત ચોક્સી રોકડા કરીને તેને ચિરાગભાઈ ઉર્ફે ચાર્લી સુતરિયા અને પ્રવીણભાઈ ગઢીયાની ઓફિસમાં જમા કરાવતા હતા. ત્યારબાદ ચાર્લી તેને USDTમાં કન્વર્ટ કરીને અબ્દુલરબને મોકલતા હતા.

# અમરોલીના જમીન દલાલ સાથે રૂ.૪.૫૦ લાખની ઠગાઈ

**પરિચિત** પિતા-પુત્રી અને જમાઈએ ગોવામાં ફસાયા હોવા સહિતના કારણો આપી નાણાં એંટી લીધા

**નાણાં** પાછા માંગ્યા તો કહ્યું અમારા પૈસા ડૂબી ગયા છે, તમારાથી થાય તે કરી લો




સુરતઃ અમરોલીમાં રહેતા જમીન દલાલને જૂની ઓળખાણના આધારે પિતા, પુત્રી અને જમાઈએ મળી આર્થિક મદદના બહાને રૂ. ૪.૫૦ લાખનો ચૂનો ચોપડ્યો હોવાની ઘટના સામે આવી છે. 'અમે ગોવામાં ફસાયા છીએ' તેમ કહી શરૂ થયેલો નાણાંની માંગણીનો સિલસિલો છેવટે પોલીસ ફરિયાદમાં પરિણમ્યો છે.

મળતી વિગતો મુજબ, અમરોલીના છાપરાભાઠા રોડ પર અમરદીપ કોમ્પ્લેક્સમાં રહેતા ૫૨ વર્ષીય લલીતભાઈ વીરજીભાઈ લાખણકીયા જમીન દલાલીનો વ્યવસાય કરે છે.

અગાઉ ફર્નિચરની દુકાન ચલાવતા હતા ત્યારે તેમનો પરિચય ટેમ્પો ચલાવતા નગીનભાઈ મગનભાઈ પટેલ સાથે થયો હતો.

ગત ૦૭/૧૦/૨૦૨૫ના રોજ નગીનભાઈની પુત્રી હેમાલીએ લલીતભાઈને ફોન કરી જણાવ્યું હતું કે, તેઓ અને તેમના પિતા ગોવામાં ફસાઈ ગયા છે અને જમાઈ ઉજાશ પંડિયા તેમને મારીને ભાગી ગયો છે.

શરૂઆતમાં આર્થિક મદદના નામે લલીતભાઈએ રૂ. ૨૫,૦૦૦ ગૂગલ પે દ્વારા મોકલ્યા હતા. ત્યારબાદ નગીન પટેલે 'અમદાવાદમાં પત્નીને છૂટાછેડા આપવા છે' અને 'મારા પર પોલીસ કેસ થયો છે' તેવા જુદા-જુદા બહાના બતાવી લલીતભાઈ પાસેથી વિશ્વાસમાં લઈ ટુકડે-ટુકડે કુલ રૂ. ૪,૫૦,૦૦૦ પડાવી લીધા હતા. જ્યારે લલીતભાઈએ પોતાના નાણાં પરત માંગ્યા ત્યારે આરોપીઓએ સ્પષ્ટ જણાવી દીધું હતું કે, "અમારા પૈસા ડૂબી ગયા છે, તમારાથી થાય તે કરી લો, તમે અમારું કંઈ બગાડી શકશો નહીં".

છેવટે છેતરપિંડી થયાનો અહેસાસ થતા લલીતભાઈએ અમરોલી પોલીસ મથકમાં નગીનભાઈ મગનભાઈ પટેલ, હેમાલીબેન પટેલ અને ઉજાશ દીપકભાઈ પંડિયા (તમામ રહે. ગોવિંદપાર્ક રો-હાઉસ, અમરોલી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# હીરા કંપનીઓની નાદારીને પગલે એન્ટવર્પમાં મુશ્કેલી

**હીરા** ક્ષેત્રમાં કટોકટી વચ્ચે યુએસ ડાયમંડ કંપની એન્ટવર્પમાં અડધા કર્મચારીઓની છટણી કરશે

સુરત : બેલ્જિયમમાં ડાયમંડ ટ્રેડિંગના હબ એન્ટવર્પમાં ઘટતા વેપાર અને ડાયમંડ કંપનીઓની નાદારીની ઘટનાઓને પગલે એન્ટવર્પમાં હીરા ઉદ્યોગની સ્થિતિ કફોડી થઈ છે. સ્થિતિ એવી ઊભી થઈ છે કે, હીરા ક્ષેત્રમાં કટોકટી વચ્ચે યુએસ હીરા કંપની એન્ટવર્પમાં અડધા કર્મચારીઓની છટણી કરશે. એન્ટવર્પ હીરા ક્ષેત્ર પતનનો સામનો કરી રહ્યું છે કારણકે વેપાર ઐતિહાસિક નીચા સ્તરે પહોંચ્યો છે. ગેઝેટ વાન એન્ટવર્પેનના અહેવાલ મુજબ, એન્ટવર્પનો હીરાનો વેપાર અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે છે અને પતનની આરે છે. એન્ટવર્પના હીરા ક્ષેત્રમાં ચાલી રહેલી ઉથલપાથલ વચ્ચે આ છટણી કરવામાં આવી છે. તાજેતરના મહિનાઓમાં, અગ્રણી ઉદ્યોગ વ્યક્તિઓએ ઐતિહાસિક કટોકટી ની ચેતવણી આપી છે, જ્યારે નેશનલ બેંક ઓફ બેલ્જિયમે વેપારના આંકડાઓને આપત્તિજનક ગણાવ્યા છે. ગેઝેટ વાન એન્ટવર્પેનના અહેવાલ મુજબ, એન્ટવર્પમાં રફ હીરાનો વેપાર ગયા વર્ષે 2022 ની તુલનામાં ત્રીજા ભાગનો ઘટી ગયો હતો. રફ અને પોલિશ્ડ હીરા સહિત કુલ વેપારમાં એક વર્ષમાં 22.8 ટકાનો ઘટાડો થયો છે. 2022 ના પ્રથમ 11 મહિનામાં નિકાસ અને આયાત બંનેનો વેપાર લગભગ 9 બિલિયન ડોલરથી ઘટીને 2025 ના પ્રથમ 11 મહિનામાં 3 બિલિયન ડોલર થયો હતો. પોલિશ્ડ હીરાનો વેપાર 10 બિલિયન ડોલરથી ઘટીને 6 બિલિયન ડોલર થયો, અને એન્ટવર્પની ઘણી કંપનીઓ તાજેતરમાં નાદાર જાહેર કરવામાં આવી છે.

આ આંકડાઓનો અર્થ એ પણ છે કે એન્ટવર્પ હવે વિશ્વનું સૌથી મહત્વપૂર્ણ વેપાર કેન્દ્ર નથી. દુબઈ અને મુંબઈ જેવા કેન્દ્રો નિયમિતપણે તેમના આંકડા પ્રકાશિત કરતા નથી. કારણકે તેઓ કૃત્રિમ હીરાનો વેપાર કરે છે.